# શિક્ષણની રાષ્ટ્રીય નવી નીતિ અને શિક્ષક

શિક્ષણની નવી નીતિ કેન્દ્ર સરકાર દ્વારા બહાર પાડવામાં આવી છે. જેના આધારે આખા દેશમાં શૈક્ષણિક જગતમાં હકારાત્મક અને નકારાત્મક સારી એવી ચર્ચા થઇ. કોઈપણ નીતિ આવે ત્યારે સ્વાભાવિક છે કે આ પ્રકારની ચર્ચાઓ થવાની જ. જે વિકસિત સમાજની નિશાની કહી શકાય. ક્યારેક એવું પણ બને કે આપણે ના જોયું હોય, નાં સાંભાળ્યું હોય કે ના વિચાર્યું હોય તેવી બાબતોનો સમાવેશ નીતિમાં થયો હોય તેનો અર્થ એવો નથી કે અશક્ય છે. નીતિમાં સમાવિષ્ટ બાબતો ગમે તેટલી સારી હોય, પણ તેની સફળતાનો આધાર તો એ નીતિનો કેટલો અને કેવી રીતે અમલ થાય છે તેની પર રહેલો છે. આપણે સૌ ઈચ્છીએ કે અમલવારી સારી રીતે થશે અને તેનો ફાયદો સમાજને થશે. શિક્ષણની નવી નીતિમાં અનેક પાસાંનો સમાવેશ કરેલ છે, જેમાં એક પાસું શિક્ષક વિશે પણ છે. શિક્ષણની નવી નીતિમાં શિક્ષકને લઈને મુખ્યત્વે કઈ બાબતોનો સમાવેશ કરેલ છે તે આ લેખનો મુખ્ય હાર્દ છે.

અત્યારે એક વાસ્તવિકતાનો સ્વીકાર કરવો જ પડશે અને તે વાસ્તવિકતા છે શિક્ષકનો મોભો સમાજમાં ઉતરતો જાય છે તે. વર્ષો પહેલા શિક્ષકનું સમાજમાં જે સ્થાન હતું તે આજે નથી રહ્યું. શિક્ષકને સમાજમાં જે આદર મળવો જોઈએ તે નથી મળતો. શિક્ષકનું સમાજમાં સન્માનીય વ્યક્તિ તરીકેનું સ્થાન ભૂસાઇ ગયું છે. જે માટે શિક્ષક, સમાજ અને સરકાર બધા જ જવાબદાર છે. શિક્ષકનો સમાજમાં મોભો જળવાઈ રહે, શિક્ષકને સન્માનની નજરે જોવામાં આવે તે માટે નવી શિક્ષણ નીતિમાં પ્રયત્નો કરવામાં આવશે. એટલું જ નહિ શિક્ષક જે સમાજમાં રહેતો હોય ત્યાં તેને રોલ મોડેલ રૂપે જોવામાં આવે, તેના વર્તન વ્યવહારથી સમાજ પણ શીખે તેવી અપેક્ષા શિક્ષક પાસે રાખવામાં આવી છે. શિક્ષકના વ્યવસાયમાં સારી વ્યક્તિ આવે તે માટેના પ્રયત્નો થશે. તેમાં પણ ગ્રામીણ ક્ષેત્રમાંથી અને ખાસ કરીને મહિલાઓ આ ક્ષેત્રમાં આવે તેવા પ્રયત્નો કરવામાં આવશે. સ્થાનિક ભાષાના જાણકાર અને ઉપયોગ કરનાર વ્યક્તિને શિક્ષક તરીકે મેરીટના ધોરણે પસંદ કરવામાં આવશે. ગ્રામીણ વિસ્તારમાં શિક્ષક તરીકે ફરજ બજાવનારને ખાસ પ્રોત્સાહન આપવામાં આવશે. આ માટે શાળામાં કે નજીકમાં જ આવાસની વ્યવસ્થા કરવામાં આવશે. જે વિસ્તારોમાં શિક્ષકની ઘટ વધારે જોવા મળે છે, તેવા વિસ્તારોમાં ફરજ બજાવનાર શિક્ષકનો વિશેષ આર્થિક લાભ આપવામાં આવશે.

શિક્ષક અને સમાજ વચ્ચે સંબંધ બંધાય અને ટકી રહે તે માટે શિક્ષકોની બદલી વિશેષ પરિસ્થિતિમાં જ કરવામાં આવશે. એટલે કે શિક્ષકોની બદલીઓ બને ત્યાં સુધી કરવામાં નહિ આવે. શિક્ષકની ભરતી માટે અત્યારે ટેટ અને ટાટ જેવી પરીક્ષાઓ લેવાય છે તેને ચાલુ રાખવામાં આવશે. પણ શિક્ષકની ભરતીમાં શિક્ષક દ્વારા વર્ગખંડમાં શૈક્ષણિક પાઠ આપવાનું કહેવામાં આવશે. જેથી શિક્ષક તરીકેના વિવિધ કૌશલ્યો તેનામાં છે કે નથી તેની ચકાસણી કરી શકાય. અત્યારે ઘણી ખાનગી શાળાઓમાં શિક્ષક તરીકેની ફરજ બજાવતા ઘણાં શિક્ષકો પાસે બી.એડ. કે અન્ય શૈક્ષણિક લાયકાતો નથી. જે હવે નહિ ચલાવી લેવાય. અત્યારે શાળાઓમાં ચિત્ર, વ્યાયામ, સંગીત વગેરેના શિક્ષકો જ નથી. દરેક શાળામાં આવા શિક્ષકો રાખવા તે સરકારને પણ પોસાતું નથી. ત્યારે આવા વિશિષ્ટ શિક્ષકોનો લાભ દરેક શાળાને મળી રહે તે માટે ચોક્કસ સમૂહની શાળાઓ વચ્ચે આવા શિક્ષકોની નિમણૂક કરવામાં આવશે. ઉપરાંત સ્થાનીય કોઈ વિશેષ વ્યક્તિ હશે તો તેનો લાભ લઇ શકાય તે માટે આવા વિશિષ્ટ વ્યક્તિઓને શિક્ષક તરીકે શાળામાં આમંત્રણ આપવામાં આવશે. તે માટે જરૂર પડે તેમને શૈક્ષણિક તાલીમ પણ આપવામાં આવશે અને મહેનતાણું પણ ચૂકવવામાં આવશે. વ્યાવસાયિક શિક્ષણને મહત્વ આપવામાં પણ આવી વિશિષ્ટ વ્યક્તિઓનો સ્થાનિક રીતે લાભ લઇ શકાશે. દેશના તમામ રાજ્યો પાસે રહેલા શિક્ષકોનો ડેટા રાખવામાં આવશે. ઉપરાંત ક્યા વિષયમાં કેટલા શિક્ષકોની ઘટ છે તેની માહિતી પણ એકત્ર કરવામાં આવશે. સાથે ભવિષ્યમાં ક્યા વિષયના કેટલા શિક્ષકોની જરૂર પડશે તે માહિતી પણ રાખવામાં આવશે. જે મુજબ શિક્ષકોની તાલીમ કે ભરતીનું સુચારુ આયોજન કરી શકાય. શાળાઓ ભૌતિક સુવિધાઓથી

સજ્જ કરવામાં આવશે. જેમકે, શૌચાલય, પીવાના પાણીની વ્યવસ્થા, વર્ગખંડ, વીજળી, કમ્પ્યુટર, ઈન્ટરનેટ, પુસ્તકાલય, રમત અને મનોરંજનના સાધનો વગેરે. અત્યારે શિક્ષણ પાછળ આપણે જીડીપીના લગભગ ૪.૪ ટકા જેટલો ખર્ચ કરીએ છીએ. જે નવી નીતિમાં છ ટકા જેટલો કરવાની ભલામણ છે.

અપંગ કે વિકલાંગતા ધરાવતા વિશિષ્ટ બાળકોના શિક્ષણની સમસ્યા આજે પણ દેખાઈ આવે છે. ત્યારે આવા બાળકો અન્ય સામાન્ય બાળકોની સાથે શિક્ષણ મેળવે તે જરૂરી છે. જેથી તેઓ પણ સામાન્ય પ્રવાહમાં ભળે અને કોઈ લઘુતાથી ના પીડાય. આ માટે સમાવેશી શિક્ષણ પર ભાર આપવાની વાત નવી નીતિમાં કરવામાં આવી છે. દરેક શિક્ષક આવા વિશિષ્ટ બાળકોની સમસ્યાઓ કે વિશેષતાથી પરિચિત રહે અને તેમની સાથે ચોક્કસ પ્રકારના વર્તનો કરે તે માટે શિક્ષકોને ચોક્કસ પ્રકારની તાલીમ આપવાની વાત નવી નીતિમાં છે. આમ શિક્ષકો પાસે પોતાના વિષયના જ્ઞાનની સાથે વિશિષ્ટ બાળકો માટેનું જ્ઞાન હોય તે પણ અપેક્ષા રાખવામાં આવી છે. અત્યારે દરેક શાળામાં એક સમિતિ હોય છે. જે શાળા અને બાળકો અંગે સાથે મળીને ચોકક્સ નિર્ણયો લે છે. જેમાં શિક્ષકોનું પ્રતિનિધિત્વ વધારવાની ભલામણ નવી નીતિમાં છે. જેથી શિક્ષકો સીધી રીતે બાળકો અને સમાજ સાથે જોડાઈને શૈક્ષણિક નિર્ણયોમાં ભાગીદાર બની શકે. અત્યારે ઘણાં શિક્ષકો શિક્ષણના વ્યવસાયની સાથે અન્ય વ્યવસાય પણ કરે છે. ત્યારે નવી નીતિમાં ખાસ કહેવામાં આવ્યું છે કે, શિક્ષક શિક્ષણ સિવાયનો અન્ય કોઈ વ્યવસાય નહિ કરી શકે. ઉપરાંત અત્યારે શિક્ષકોને શિક્ષણ સિવાયના અન્ય કામ સરકાર તરફથી આપવામાં આવે છે ત્યારે તેની અસર શૈક્ષણિક કાર્યો પર જોવા મળે છે. જેથી હવે આવા વિશિષ્ટ કાર્યો જયારે સોંપવામાં આવે ત્યારે ચોક્કસ પ્રકારનું આયોજન કરીને સોંપવાના રહેશે. જેથી શૈક્ષણિક કાર્ય પર તેની નકારાત્મક અસર ના થાય. બને ત્યાં સુધી શિક્ષણ સિવાયના અન્ય વધારાના કામ ના સોંપવામાં આવે તેની પર ભાર મૂકવામાં આવ્યો છે.

શિક્ષકને પોતાની જાતના વિકાસ માટે કે સુધારણા માટે વધુ સ્વતંત્રતા અને તક આપવામાં આવશે. કોઈ શિક્ષક ઉચ્ચ અભ્યાસ કરવા માંગતા હશે કે બીજા ડેવલોપમેન્ટ માટેના કામ કરવા માંગતા હશે તો તેની છૂટ આપવામાં આવશે.  દરેક શિક્ષક અને આચાર્યે વ્યાવસાયિક વિકાસ માટે વર્ષમાં પચાસ કલાકની તાલીમ ફરજીયાત લેવાની રહેશે. જેની નોધ કરવામાં આવશે. ઉત્કૃષ્ટ કામગીરી કરનાર શિક્ષકના કામની નોધ લેવામાં આવશે. ભવિષ્યમાં બદલી કે બઢતી માટે સિનિયોરીટી નહિ પણ કામગીરી જોવામાં આવશે. ઉચ્ચકક્ષાનું કામ કરનાર શિક્ષકોની ઓળખ ઉભી કરવામાં આવશે. સાથે પ્રોત્સાહન પણ આપવામાં આવશે. આવા શિક્ષકોની સેવા સરકાર ઈચ્છે તો સરકારી નિર્ણયો કે આયોજનમાં લઇ શકશે. સરકાર દ્વારા દરેક શિક્ષક માટે મલ્ટીપલ પેરામીટર દાખલ કરવામાં આવશે. એટલે કે શિક્ષકના દરેક કામની નોધ કરવામાં આવશે. શિક્ષકે શાળામાં કે શાળા બહાર સમાજમાં કરેલ વિશિષ્ટ કામની પણ નોધ લેવામાં આવશે. જેનો ઉપયોગ ભવિષ્યમાં બદલી, બઢતી કે પ્રોત્સાહનમાં કરવામાં આવશે. આવા પેરામીટર ૨૦૨૨ સુધીમાં તૈયાર કરવામાં આવશે. જેનું નામ આપવામાં આવ્યું છે – નેશનલ પ્રોફેશનલ સ્ટાન્ડર્ડ ફોર ટીચર (એન.પી.એસ.ટી)

શિક્ષકની તાલીમી કોલેજો બી.એડ. ત્રણ પ્રકારની હશે. પ્રથમ પ્રકારમાં ધોરણ બાર પછી ચાર વર્ષનો સ્નાતક સાથેનો અભ્યાસક્રમ હશે. બીજા પ્રકારમાં સ્નાતક પછીનો બે વર્ષનો અભ્યાસક્રમ હશે. ત્રીજા પ્રકારમાં કોઈ એક વિષયમાં બી.એડ. કરેલ હોય અને અન્ય વિષયમાં ફરીથી બી.એડ. કરવું હશે તો તેના માટે એક વર્ષનો અભ્યાસક્રમ હશે. અત્યારે ઘણી કોલેજો વિદ્યાર્થીઓને કોલેજમાં તાલીમ આપ્યા સિવાય ડિગ્રી આપે છે. આવી કોલેજોને શિક્ષા કરવામાં આવશે અથવા તો બંધ કરવામાં આવશે. આંતરરાષ્ટ્રીય કક્ષાએ શિક્ષણ આપવા માટે ઉપયોગમાં લેવાતી પદ્ધતિનો અભ્યાસ કરવામાં આવશે અને જરૂર જણાય ત્યાં તેનો ઉપયોગ કરવામાં આવશે.